ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૮-૧-૨૦૨૨, શનિવાર


# બર્ફીલા પહાડોમાં ગુજરાતી યુવકના દિમાગની કમાલ

**આકરુન્દના ગુજ્જુ યુવાને સિયાચીન-લદાખની બરફીલી સરહદો ઉપર જવાનો માટે હેબિટાટ બનાવ્યો : એન્જીનિયર યુવાનની કમાલ, માઈનસ ૧૪ ડિગ્રી તાપમાનમાં પણ આસાનીથી રોકાણ કરી શકાય : ૧ હેબિટાટ બનાવવાનો રૂ. ૧ કરોડ ખર્ચ, ગુજરાત યુનિ. સાથે આર્મી ડીઝાઈન બ્યુરોનું સંકલન : હેબિટાટમાં ઈસરોના વિ-સેટ સેટેલાઈટનું કનેક્શન**

બાયડ, તા. ૭

મા ભોમની રક્ષા કાજે દેશની સરહદો ઉપર સુરક્ષા જવાનો તૈનાત છે તેમાંય લદાખ અને સિયાચીન સરહદ ઉપર ફરજ બજાવવી અત્યંત અઘરી છે. માઈનસ ૧૪ થી ૧૫ ડિગ્રી તાપમાનમાં સરહદની સુરક્ષા કરનારા જવાનો નોર્મલ તાપમાનમાં રહી શકે તે માટે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના આકરુન્દ ગામના ઈજનેર ગુજ્જુ યુવાને હેબિટાટ બનાવ્યું છે. ગુજરાત યુનિ. અને આર્મી ડીઝાઈન બ્યુરોએ તેને માન્યતા આપ્યા પછી અત્યાર સુધીમાં બે હેબિટાટનું નિર્માણ કરાવ્યું છે અને સિયાચીન સરહદ ઉપર ફરજ બજાવતા જવાનો તેનો ઉપયોગ કરી રહ્યા છે. ગુજ્જુ યુવાનની સિદ્ધિ ઉપર અરવલ્લી જિલ્લો ગૌરવ લઈ રહ્યો છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર આકરુન્દ ગામના મોઢપાટીદાર સમાજના નિર્મલ દિપકભાઈ ચૂનીલાલ પટેલે મોડાસા ઈજનેરી કોલેજમાંથી બી.ઈ. મિકેનિકલની લાયકાત મેળવી પ્રથમથી જ કંઈકને કંઈક ઈનોવેટીવ કામ કરવાની તેની ધગશ હતી. સિયાચીન-લદાખ સરહદ ઉપર માઈનસ ૧૪ થી ૧૫ ડિગ્રી વાતાવરણમાં ફરજ બજાવતા જવાનો માટે કંઈક નવું કરવાનો વિચાર આવ્યો. ટેન્ટ બનાવવાનો વિચાર આવ્યો અને આકરુન્દના ઈજનેર ગુજ્જુ યુવાને હેબિટાટ માટે તૈયારીઓ આરંભી. તેના જણાવ્યા અનુસાર હેબિટાટ તૈયાર કરવામાં શરૂઆતમાં અનેક અડચણો આવી પરંતુ મહેનત રંગ લાવી. ૧૮-૪૦ ફૂટની લંબાઈવાળા હેબિટાટમાં ઉંચાઈ સેટલમેન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઠંડીમાં નટબોટ ફીટ કરવા અઘરા હોય છે જેથી ફીટ કરવા માટે ફલીપકીટની વ્યવસ્થા કરવામાં આવી. હેબિટાટમાં એક સાથે ૧૦ જવાનો સોશ્યલ ડિસ્ટન્સ સાથે રહી શકે તે પ્રકારની સુવિધા છે.



યુરીન અને સોલીડ વેસ્ટનો ડાયરેક જ રીસાઈક્લિન થઈ જાય તેમજ પીવાના પાણી માટે હીટીંગ સીસ્ટમ સુવિધા તેમાં ઉભી કરવામાં આવી છે. જ્યારે બહારનું વાતાવરણ ભલે માઈનસ ડિગ્રીમાં ચાલતું હોય પરંતુ અંદર વાતાવરણ કંટ્રોલ કરવા માટેની ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પહાડી વિસ્તાર હોવાથી ત્યાં પણ હેબિટાટ યોગ્ય રીતે મૂકી શકાય તે માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે અને એક જ દિવસમાં તેનું ઈન્સ્ટોલેશન કરી શકાય છે. હેબિટાટમાં સોલાર, વિન્ટ પાવર અને સ્ટોરેજ પણ ઉભું કરવામાં આવ્યું છે. તેની અંદર ઈન્સીલીનનો ઉપયોગ થયેલો છે જે બહાર કરતાં અંદરના તાપમાનને વધુ કંટ્રોલમાં રાખે છે. જ્યારે દેશ અને દુનિયામાં શું ચાલી રહ્યું છે તે જાણવા માટે હેબિટાટમાં ઈસરોના વિ-સેટ સેટેલાઈટથી ખાસ જોડાણ કરવામાં આવ્યું.

ભારતીય સેનાના ખાસ કરીને સિયાચીન સરહદ ઉપર તૈનાત જવાનો માટે શિયાળાની ઋતુ વધુ જાન લેવા હોય છે. હિમવર્ષા અને બરફના તોફાનના કારણે અને સૈનિકો શહીદ થતા હોય છે. ત્યારે આ વિસ્તારમાં સૈનિકો આરામથી નોર્મલ વાતાવરણમાં રહી શકે તેવો

### હેબિટાટમાં તાપમાન જાળવવાની ખાસ વ્યવસ્થા...

ઈજનેર નિર્મલ પટેલનું કહેવું છે કે અંદાજીત રૂ. ૧ કરોડના ખર્ચે તૈયાર થતા હેબિટાટમાં કાર્બન ડાયોક્સાઈડ, એરોનિક ક્વોલીટી અને હ્યુમીનીટી જાળવવા માટે ખાસ વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

### ફાયર એલાર્મની ઓટોમેટીક સુવિધા...

સિયાચીન લદાખ સરહદે પ્રસ્થાપિત થઈ રહેલા હેબિટાટમાં અત્યંત આધુનિક ફાયર એલાર્મ ઓટોમેટીક સીસ્ટમ ઉભી કરવામાં આવી છે અને તે કોઈપણ દુર્ઘટનાનો અણસાર મળે એટલે એલાર્મ તમામને સચેત કરી દેશે.

# દેરોલ પ્રાથમિક શાળાના શિક્ષક સહિત પાંચ બાળકો સંક્રમિત

**કોરોના વિસ્ફોટ, સાબરકાંઠામાં ૨૩, અરવલ્લીમાં ૧૧ કેસ : સ્થિતિ વણસી રહી છે, જિલ્લા કલેક્ટરને આરોગ્ય વિભાગની રજૂઆત બાયડ**

બાયડ, તા. ૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગુરુવારે કોરોના વિસ્ફોટની સ્થિતિ સામે આવી. સાબરકાંઠામાં ૨૩ અને અરવલ્લીમાં ૧૧ પોઝિટિવ કેસ નોંધાતાં સ્થિતિ વણસી રહ્યા જેવી સ્થિતિ છે. સાબરકાંઠા આરોગ્ય વિભાગે જિલ્લા ક્લેક્ટરને કોરોનાની વણસતી સ્થિતિનો ચિતાર આપી પ્રજા લાપરવાહ હોવાની પણ જાણકારી આપી છે. હિંમતનગર તાલુકાની દેરોલ પ્રા. શાળાના વધુ એક શિક્ષક તેમજ વધુ ૫ બાળકો કોરોના સંક્રમિત થતાં શૈક્ષણિક સંકુલો ઉપર કોરોનાનું સંકટ હાવિ થયું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોના બેલગામ બનતાં જાન્યુઆરી મહિનાના મધ્યાંતર સુધીમાં સ્થિતિ વધુ વિસ્ફોટક બને તેવી પૂરે પૂરી સંભાવના છે. સાબરકાંઠામાં અત્યાર સુધીમાં માત્ર ઓમિક્રોનનો એક કેસ નોંધાયો હતો પરંતુ હાલની સ્થિતિ જોતાં ઓમિક્રોનના નવા કેસ નોંધાઈ શકે છે. ગુરુવારે સાબરકાંઠા જિલ્લામાં ૨૩ પોઝિટિવ કેસ નોંધાયા છે જેમાં હિંમતનગર શહેર, તાલુકામાં ૧૭, ઈડર-૨, વડાલી-૩ અને ખેડબ્રહ્મામાં ૧ કેસ નોંધાયો છે. જ્યારે હિંમતનગર તાલુકાના દેરોલ ગામની શાળાના ૫ બાળકો કોરોના પોઝિટિવ આવતાં આરોગ્યતંત્ર દ્વારા તમામ બાળકોને હોમ આઈસોલેશન કરવામાં આવ્યા છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં ૧૧ નવા કેસ નોંધાયા છે જેમાં મોડાસામાં ૬, માલપુર ૧ અને બાયડમાં ૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. બાયડની સહજાનંદ સોસાયટીમાં એક જ પરિવારમાં ૪ પોઝિટિવ કેસ સામે આવતાં બાયડની પ્રજાએ હવે સાવધ રહેવાની જરુર હોવાનું ચિત્ર ઉપસ્યું છે.

### ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ ફેલાતાં સ્થિતિ વણસી શકે છે...

સાબરકાંઠા ઈ.એમ.ઓ. ડો.મુકેશભાઈ કાપડીયાએ જણાવ્યું કે જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બન્યું છે અને આ અંગે જિલ્લા સમાહર્તાને દરરોજ જાણકારી આપવામાં આવે છે. શહેરી પછી ગ્રામ્ય વિસ્તારોમાં સંક્રમણ વધતાં સ્થિતિ વણસે તેવી પૂરેપૂરી સંભાવના છે. પ્રજાએ કોરોનાથી ડરવાની જરુર નથી પરંતુ સાવધાની અને સાવચેતીથી જ કોરોનાને હરાવી શકાશે જેથી પ્રજા માસ્કનો ઉપયોગ કરે તે જરુરી છે.

### હિંમતનગર શહેરનું સંક્રમણ ગામડામાં પ્રસર્યું...

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર કોરોનાનું હોટસ્પોર્ટ બન્યું છે. ગુરુવારે હિંમતનગરના જાબુડી, દેરોલ, બામણા, લાભગ્રીન પાર્ક સહિતના વિસ્તારોમાં કોરોનાના કેસ નોંધાયા છે. જેથી હવે ગામડાની પ્રજાએ પણ સાવધાની રાખવી જરુરી છે.

## મોંઘવારી વધી પરંતુ ભાવ વધારો નહીં

રાજ્યમાં સરકારી કામોના એસ.ઓ.આર. રેટ અન્ય રાજ્યો કરતાં ઘણા ઓછા છે. કોરોના મહામારી પછી અનેક રો-મટીરીયલ્સના ભાવ ઉચકાયા છે સરકાર સમક્ષ એસ.ઓ.આર. રેટમાં વધારો કરવા કોન્ટ્રાક્ટર એસોસીએશન દ્વારા વારંવાર માંગણી છતાં ઉકેલ ન આવતાં આગામી તા.૮ જાન્યુઆરી બાદ કોન્ટ્રાક્ટરોએ સરકારનું ટેન્ડર નહીં ભરવાનો નિર્ણય લેતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિકાસના કામો થંભી જાય તેવી દહેશત છે. જિલ્લામાં પંચાયત અને સ્ટેટ વિભાગના કરોડોના વિકાસના કામો હવે ટેન્ડરીંગ પ્રક્રીયામાં છે.

કોરોના પછી દરેક ક્ષેત્રે મોંઘવારી હાવિ થઈ છે અને સરકાર પણ તે જાણે છે. કોરોના મહામારી પછી કામોમાં વપરાતા સિમેન્ટ, રેતી, કપચી, લોખંડ, ડામર, ઈંટ તેમજ ડીઝલના ભાવ વધારા પછી ટ્રાન્સપોર્ટેશન અને કારીગરો તેમજ મજૂરીના ભાવમાં ૩૦ થી ૪૫ ટકા જેટલો તોતિંગ વધારો થયો છે અને હજુ પણ ભાવ વધી રહ્યા છે છતાં સરકાર જૂના એસ.ઓ.આર. રેટ પ્રમાણે વિકાસના કામો કરાવે છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં માવઠા સાથે ગાઢ ધુમ્મસની ચાદર પથરાઈ

**ધુમ્મસના આવરણથી વાહન વ્યવહારને અસર**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં માવઠા સાથે ધુમ્મસની હાજરી સમયાંતરે જોવા મળી રહી છે ત્યારે તા.૬-૭ના રોજ વહેલી સવારથી ધુમ્મસની ચાદર પથરાઈ ગઈ હોય તેમ ગાઢ ધુમ્મસ છવાઈ જતાં ખાસ કરીને ધુમ્મસની અસર વાહન વ્યહાર ઉપર જોવા મળી હતી. નજીકનું દ્રશ્ય પણ સ્પષ્ટ રીતે જોઈ શકાતું ન હોવાથી રસ્તાઓ ઉપર વાહન ચાલકોની પાંખી હાજરી જોવા મળતી હતી. જ્યારે ધુમ્મસનું આવરણ પથરાયા પછી ઠંડીમાં ઘટાડો નોંધાતાં કાતિલ ઠંડીથી પ્રજાએ રાહત અનુભવી છે.

જિલ્લામાં ઉત્તર ભારતના હવામાનની સીધી અસર થતી હોય તેમ ઋતુ પરીવર્તનની અસરો ઉપરથી લાગી રહ્યું છે. દિલ્હી સહિતના વિસ્તારોમાં ધુમ્મસનું આવરણ વધે કે તરત જ જિલ્લાના અનેક વિસ્તારોમાં પણ શિયાળા દરમ્યાન ધુમ્મસનું ગાઢ આવરણ છવાઈ જતું હોય છે. શિયાળાના



પ્રારંભે અનેક વિસ્તારોમાં ધુમ્મસની ચાદર પથરાયા પછી ઠંડીનું જોર વધ્યું હતું પરંતુ હવામાનમાં ફરીથી બદલાવ આવ્યા હોય તેમ ધુમ્મસની શરૂઆત થઈ છે. બાયડ તાલુકા ઉપર વહેલી સવારથી જ કુદરતે ગાઢ ધુમ્મસની ચાદર ફેલાવી દીધી હોય તેમ જ્યાં નજર કરો ત્યાં ધુમ્મસ ભરી સવાર જોવા મળતાં પ્રજા પણ કુદરતના કૌતૂકથી ચોંકી ઉઠી હતી. જ્યારે વહેલી સવારથી જ આકાશમાં છવાયેલું ધુમ્મસનું આવરણ ધીરે ધીરે નીચે ઉતરતાં નજીકનું દ્રશ્ય પણ સ્પષ્ટ રીતે જોઈ શકાતું ન હતું અને ધુમ્મસમાં વાહન હંકારવું પણ જોખમી બની રહેતાં રસ્તાઓ કલાકો સુધી સૂમસામ બની રહ્યા હતા.

## અગાઉ ૫૭ તળાવ ભરવા મંજૂરી

# અરવલ્લીમાં વધુ ૩૦ તળાવમાં નર્મદાનું પાણી પહોંચાડવા સર્વે થશે

**પાઈપલાઈનની બંન્ને સાઈડમાં ૩ કી.મી. દૂરના તળાવો આવરી લેવાશે**

બાયડ, તા. ૭

અરવલ્લી જિલ્લામાં અગાઉ ૫૭ તળાવોમાં નર્મદાનું પાણી પહોંચાડવાની મંજૂરી મળ્યા પછી તા.૧ જાન્યુઆરીથી તબક્કાવાર રીતે તળાવોમાં પાણી પહોંચી રહ્યું છે ત્યારે હવે જિલ્લાના વધુ ૩૦ તળાવોમાં આગામી સમયમાં નર્મદાનું પાણી પહોંચાડવા માટે સર્વેની તૈયારી થઈ રહી છે. જેમાં નર્મદાની મુખ્ય પાઈપલાઈનના ૩ કી.મી. દૂરના બંને સાઈડનાં તળાવો આવરી લેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં શિયાળાના આરંભ સાથે જ ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પાણી ઓસરતાં સૂકાભઠ્ઠ બની ગયાં છે. સુજલામ સુફલામ કેનાલ દ્વારા જિલ્લાના ૫૭ તળાવોમાં નર્મદાનું પાણી મુખ્ય પાઈપલાઈન દ્વારા તબક્કાવાર રીતે પહોંચાડવામાં આવતાં પશુપાલકોને તેમજ ખેડૂતોને તેનો ફાયદો થઈ રહ્યો છે. જ્યારે તળાવ આસપાસના ખેતરોમાં પાણીના તળ જળવાઈ રહ્યાં છે. સરકાર દ્વારા નર્મદાનાં પાણી અંતરીયાળ વિસ્તારના તળાવો સુધી પહોંચાડવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં જિલ્લાના ૩૦ તળાવોમાં નર્મદાનું પાણી પહોંચે તે આશયથી ટૂંક સમયમાં જ સર્વેની કામગીરી શરુ થઈ શકે છે. સિંચાઈના વિભાગના સૂત્રોનું માનીએ તો અગાઉ મુખ્ય પાઈપલાઈનથી ૨ કી.મી. દૂરના તળાવોનો યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો પરંતુ હવે તળાવોની દૂરની સ્થિતિ ધ્યાનમાં લીધા પછી પાઈપલાઈનની બંને સાઈડના ૩ કી.મી. દૂરના તળાવોને પણ સર્વેમાં આવરી લઈ સૂકાભઠ્ઠ તળાવો પાણીથી તરબોડ બને તેવું આયોજન ચાલી રહ્યું છે.

### માત્ર ૧ કી.મી.નો વધારો, ૩૦ ગામોને ફાયદો...

રાજ્ય સરકાર દ્વારા નર્મદાના પાણીથી અગાઉ કમાન્ડ વિસ્તારમાંથી ૨ કી.મી. દૂરનાં ખાલી તળાવ ભરવાની મંજૂરી આપવામાં આવી હતી. છેલ્લા ૪ વર્ષથી ખાલી તળાવમાં નર્મદાનાં નીર ઠાલવવામાં આવતાં હતાં જેમાં બાયડ, ધનસુરા, માલપુર અને ભિલોડા તાલુકાના ૫૭ તળાવોને લાભ મળતો હતો પરંતુ હવે સરકારે ૨ કી.મી.ના બદલે ૩ કી.મી. દૂરનાં કમાડ એરીયા વિસ્તારના તળાવ ભરવાની મંજૂરી આપતાં ૬ તાલુકાના ૩૦ ગામોના તળાવ નજીકના ભવિષ્યમાં નર્મદાના પાણીથી છલકાશે તે દિવસો હવે દૂર નથી. રાજ્ય સરકારે ૩૦ તળાવો ભરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.



**ઉર્જા વિભાગ ભરતી કૌભાંડ મામલે બાયડમાં મામલતદારને આવેદનપત્ર અપાયું**

ઉર્જા વિભાગમાં કથિત ભરતી કૌભાંડનો આરોપ લાગ્યા પછી જિલ્લામાં પોલીસ દ્વારા તપાસ શરૂ થઈ છે ત્યારે તા.૫ જાન્યુઆરીના રોજ કેટલાક યુવાનોએ બાયડ મામલતદારને આવેદનપત્ર આપી ભરતી કૌભાંડમાં સંડોવાયેલા જે પણ કોઈ હોય તેમની સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. બાયડ મામલતદારને આપવામાં આવેલા આવેદનપત્રમાં શિરાજ મોડાસીયા, ભરતસિંહ સોલંકી, મુકેશ પરમારે જણાવ્યું છે કે ઉર્જા વિભાગ દ્વારા ઉત્તર ગુજરાત વિજ કંપનીમાં થયેલી ભરતીમાં મોટું કૌભાંડ આચરાયાની વિગતો બહાર આવી છે ત્યારે ઉર્જા વિભાગ અને અન્ય ભરતી કૌભાંડ તેમજ પેપર લીક પ્રકરણમાં જે પણ કોઈની સંડોવણી હોય તેમની સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે આવેદનપત્ર આપ્યું છે.

# જિલ્લાની પાલિકાઓમાં કર્મચારીઓની અછતથી કામનું ભારણ વધ્યું...

**મોટા ભાગના ચીફ ઓફીસરો અનિયમિત અને નિરૂત્સાહી હોવાની ફરિયાદ..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

જિલ્લાની ૮ પાલિકા વિસ્તારોમાં કોઈને કોઈ કારણોસર કર્મચારીઓની ભરતી ન થવાથી તેની સીધી અસર કામગીરી ઉપર વર્તાઈ રહી છે અનેક કર્મચારીઓ કામના ભારણ હેઠળ આવી જઈ ગંભીર રોગના સકંજામાં સપડાયા છે. જ્યારે મોટા ભાગના ચીફ ઓફીસરો પોતાની ફરજમાં અનિયમિત અને જે સ્થળે ફરજ બજાવી રહ્યા છે તે સ્થળમાં નોકરી કરવામાં નિરૂત્સાહી હોવાનું પણ તારણ બહાર આવ્યું છે ત્યારે રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા જિલ્લાના પાલિકા વિસ્તારોની કામગીરીનું સતત મોનિટરીંગ હાથ નહીં ધરાય તો કરોડો રૂપિયાની ગ્રાન્ટો લેપ્સ જાય તેવી સ્થિતિ નિર્માણ પામનાર હોવાનું જાણવા મળેલ છે.

પાલિકા વિસ્તારોમાં ખાસ કરીને પંચાયતમાંથી જે વિસ્તારો બરોમાં તબદીલ થયા છે તે પાલિકા વિસ્તારોમાં કોઈને કોઈ કારણોસર કર્મચારીઓની ભરતી થઈ શકતી નથી છેલ્લા ૧૬ વર્ષથી ભરતી ન થવાથી તેમજ કેટલાક કર્મચારીઓ વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં હવે માંડ રહેલા જૂજ કર્મચારીઓ ઉપર વેરા વસુલાત, વ્યવસાય વેરા વસુલાત તથા પાલિકા વિસ્તારના વહીવટીય અંદાજપત્રો તૈયાર કરવા ઉપરાંત સરકાર દ્વારા દર સપ્તાહે નિયમિત આવતા પરીપત્રોના જવાબો કરવા, અન્ય વિકાસની ગ્રાન્ટોના એસ્ટીમેન્ટ તૈયાર કરાવવા તેને સમયસર વિભાગીય કચેરીમાં મોકલી આપવા તેમજ અન્ય કામોમાંથી આવા કર્મચારીઓ બહાર આવી શકતા નથી. સામાન્ય સી અને ડી કેટેગરીમાં આવતી પાલિકા વિસ્તારોમાં એક કચેરીમાં ઓછામાં ઓછા ૧૫ થી પણ વધુ કર્મચારીઓ હોય તો જ વહીવટ સારો ચાલે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. પરંતુ જિલ્લાની કેટલીક પાલિકાઓમાં કર્મચારીઓની અછતથી અન્ય કર્મચારીઓ સતત કામના ભારણ હેઠળ આવી ગયા છે અને કેટલાક ચીફ ઓફીસરો માત્ર ઓર્ડર કરી દૂર રહેતા હોય છે અને કંઈક ક્ષતિ ઉભી થાય ત્યારે દોષનો ટોપલો નાના કર્મચારીઓ ઉપર ઢોળી પોતે હળવાફૂલ બની જતા હોય છે. ક્યારેક ચીફ ઓફીસરો સમયસર પાલિકામાં આવતા ન હોવાથી કામ અર્થે આવતા નાગરિકોના રોષનો ભોગ પણ નાના કર્મચારીઓ બનતા હોય છે. જિલ્લાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, મોડાસા, બાયડ, વડાલી પાલિકા વિસ્તારોમાં કર્મચારીઓની અછતને લઈને હવે તેની વેરા વસુલાતમાં પણ માઠી અસરો જોવા મળી રહી છે. સરકાર દ્વારા કાં તો સીધી ભરતી કરી પાલિકાઓને તેમાંથી મુક્તિ આપી દેવી જોઈએ અથવા તો ફરજીયાતપણે ચોક્કસ સમય મર્યાદામાં કર્મચારીઓની ભરતી કરવા આદેશો કરવા જોઈએ તેમ સૌ કોઈ માની રહ્યા છે. જિલ્લામાં પાલિકાઓમાં કર્મચારીઓની અછતથી ૭૦ થી વધુ કર્મચારીઓ હાઈપરટેન્શન, અનિંદ્રા, ડાયાબીટીશ તથા અન્ય ગંભીર રોગમાં પટકાયાનું જાણવા મળેલ છે.

# બાયડ-ધનસુરા તાલુકાના અનેક ચેકડેમમાંથી પાણી અદ્રશ્ય થઈ જતાં ચિંતા વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

જિલ્લામાં કાતિલ શિયાળાના ઠુમકા શરૂ થયા છે ત્યારે બાયડ અને ધનસુરા તાલુકાના અનેક ચેકડેમોમાંથી પાણી અદ્રશ્ય થઈ જતાં તેમજ અનેક તળાવોમાં પાણી સૂકાઈ જતાં બાળકોએ ક્રિકેટ રમવા માટે તેનો ઉપયોગ શરૂ કર્યો છે. હાલ સુજલામ કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે ત્યારે ખાલીખમ ચેકડેમ અને તળાવો નહીં ભરવામાં આવે તો શિયાળાના અંત સુધીમાં મૂંગા પશુઓ માટે પીવાના પાણીની વિકટ સમસ્યા પેદા થશે તેવું દેખાઈ રહ્યું છે.

જિલ્લામાં વર્તમાન મોસમનો ચોમાસા દરમ્યાન સરેરાશ ૬૫ ટકા વરસદાર નોંધાતા મોટાભાગના તળાવ છલકાયા ન હતા. ચેકડેમ છલકાયા પરંતુ ચોમાસુ પુરુ થાય તે અગાઉ પાણી ઓસરવા લાગ્યા. નબળા ચોમાસાથી શિયાળો શરૂ થાય તે પહેલાં જ ચેકડેમ ખાલીખમ થઈ ગયા. તળાવોના પાણી હવે અદશ્ય થવાની તૈયારીમાં છે અને તળાવ સૂકાઈ ગયા છે. ત્યારે બાયડ-ધનસુરા તાલુકામાં કોઈ ભૂગર્ભીય હીલચાલ કે પછી બંન્ને તાલુકાની ધરા ભારે વરસાદ પછી પણ અતૃપ્ત રહી હોય તેમ જળસ્ત્રોત સતત ઉંડા ઉતરવા લાગ્યા છે. બંન્ને તાલુકામાં આવેલા અનેક ચેકડેમમાંથી પાણી અદ્રશ્ય થઈ જતાં પ્રજા પણ ભરશિયાળે ચેકડેમો અને તળાવોનું કુંવારાપણું જોઈ ચોંકી ઉઠી છે. બંન્ને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં તળાવો સૂકાવા લાગતાં અનેક બાળકોએ ગામમાં ક્રિકેટ રમવા માટે મેદાન ન હોવાથી આવા તળાવોમાં સવારથી સાંજ સુધી ક્રિકેટ રમવાની શરૂઆત કરી છે. જિલ્લા વહીવટી તંત્રએ અત્યારથી જ ગંભીર બનવાની જરૂરીયાત છે અન્યથા વર્ષ-૨૦૨૨નો આકરો ઉનાળો દરેક રીતે અગ્નિ પરીક્ષારૂપ બની રહેશે તેવું હાલની સ્થિતિ ઉપરથી દેખાઈ રહ્યું છે.